તારીખ :    /    /૨૦

# બસ વ્યવસ્થાના નિતી-નિયમો

1) બસ ફીની રકમ એડવાન્સ આપવાની રહેશે. સેમેસ્ટર દીઠ નોટીસ બોર્ડ પર જણાવેલ સમયગાળા દરમ્યાન બસ ફી ભરવાની રહેશે. ભરેલ ફી નોન રીફંડેબલ છે. સમય સમાપ્તિ બાદ રૂ.૨૫/- દરરોજ લેખે દંડ ભરવાનો રહેશે.
2) કોલેજ બસમાં આવનાર વિદ્યાર્થીએ બસ-પાસ સાથે રાખવો ફરજીયાત છે. બસ-પાસ વગરના વિદ્યાર્થી બસમાં બેસી શકશે નહિ.
3) કોલેજ બસમાં આવનાર વિદ્યાર્થીએ ડીઝલના ભાવમાં સતત વધઘટ થતી હોવાથી દર સેમેસ્ટરના અંતે બસ ફી બાબતે રીવ્યુ થશે અને ભાવ વધારા મુજબ ફી નો વધારો ચૂકવવાનો રહેશે.
4) બસની અંદર ગેરવર્તણક કરનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીની બસ સેવા બંધ કરવામાં આવશે અને ભરેલી ફી પરત કરવામાં આવશે નહિ.
5) નિયત કરેલા પોઈન્ટ સિવાય બસ ઊભી રહેશે નહિ તથા આવી બાબતે ડ્રાઈવર / કંડકટર સાથે ગેરવર્તણૂક કરવી નહિ. જો કોઈ ફરિયાદ હોય તો ઓફીસમાં લેખિત જાણ કરવાની રહેશે.
6) કોલેજ બસમાં આવવું ફરજીયાત નથી. તે વિદ્યાર્થીની સગવડ માટે છે. તેનો દુરૂઉપયોગ કરવો નહિ.
7) એડમિશન કેન્સલ કરાવનાર કે રીશફલિંગમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ કોલેજ બસ સેવાની ફી ભરવી નહિ. જો કોઈ વિદ્યાર્થી ફી ભરશે તો તેવા વિદ્યાર્થીને પ્રવેશ રદ કરાવવાના કિસ્સામાં ભરેલી બસ ફી પરત મળશે નહિ. જેની ખાસ નોધ લેવી.
8) જે વિદ્યાર્થીના ડીટેઈન થવાની શક્યતા હોય તેવા વિદ્યાર્થી જો કોલેજ બસની ફી ભરશે અને ડીટેઈન થશે તો તેવા કિસ્સામાં છ મહિનાની ફી પરત મળશે નહિ. જેની ખાસ નોધ લેવી.
9) કોલેજ બસમાં આવનાર વિદ્યાર્થીઓની યુનીવર્સીટી દ્વારા લેવાતી પરીક્ષાના સમયગાળા દરમિયાન બસના રૂટ, પિક – અપ પોઈન્ટ અને સમયમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરવાનો અધિકાર ઓફીસ મેનેજમેન્ટનો રહેશે. જેની ખાસ નોધ લેવી.
10) કોલેજ બસ કોલેજના નિયત સમય સિવાય ઉપાડવામાં આવશે નહિ. "વાઈવા" કે યુનીવર્સીટી પરીક્ષા હોય તેવા સંજોગોમાં ઓછામાં ઓછા ૨૫ કે તેથી વધુ વિદ્યાર્થીઓં હશે તો જ બસ સેવા ઉપલબ્ધ થઇ શકશે. જેની ખાસ નોધ લેવી.
11) બસ નિયત સમયમર્યાદામાં કોલેજ કેમ્પસની અંદર પહોચે તે જોવાની અને તે અગેની વ્યવસ્થામાં સહકાર આપવાની સહુની ફરજ છે. તેમાં સહુનો સંપૂર્ણ સહકાર અપેક્ષિત છે.
12) જે વિધાર્થી બસ સુવિધાનો ઉપયોગ કરવા માંગતા હોય તેમણે એક સત્ર દરમ્યાન બસ સેવા ફરજીયાત લેવી પડશે. બીજા સત્રમાં બસ સુવિધાનો ઉપયોગ બંધ કરવા માંગતા હોય તો પ્રથમ સત્ર પુરું થવાના ઓછામાં ઓછા ૩૦ દિવસ પૂર્વે એડમીન ઓફિસમાં લેખિતમાં જાણ કરવાનું આવશ્યક અને ફરજીયાત છે. પહેલા સત્રમાં બસ સેવાનો ઉપયોગ કરનાર વિદ્યાર્થી જો બીજા સત્રમાં ઉપર જણાવ્યા મુજબ લેખિતમાં જાણ કર્યા વગર બસ સેવાનો ઉપયોગ બંધ કરશે અથવા ફી ભર્યા વગર બસ સેવાનો ઉપયોગ ચાલુ રાખશે તો તેમણે બીજા સત્રની બસ સેવાની ફી તેમજ લેટ ફી ફરજીયાત ભરવાની રહેશે.
13) વિધાર્થીએ ટ્રાફિક અને જનરલ સેફટીના નિયમો પાલન કરવાના રહેશે. તે અંગેની બેદરકારીથી તેમજ અનિયંત્રિત સંજોગોવશાત વિધાર્થીને કોઈ ઈજા / નુકસાન થશે, તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

સવિનય સાથે જણાવવાનું કે, આથી અમો બાહેધરી આપીએ છીએ કે, ઉપર મુજબના બસ સેવાનો ઉપયોગ માટેના નિયમો મેં અને મારા પાલ્યે કાળજીથી વાંચ્યા છે. તે અમોને માન્ય છે અને તેનું પાલન કરવાની અમો ખાત્રી આપીએ છીએ. આ નિયમો તેમજ ભવિષ્યમાં જે કઈ નિયમો અમલમાં આવશે તેનું પાલન કરવાની શરતે મારા પાલ્યને બસ સેવા માટે દાખલ કરવા વિનંતી છે. અને જો તે, તેનું પાલન કરવામાં નિષ્ફળ જાય તથા નિયમોનું ઉલ્લંઘન કરે, તો બસ સેવામાંથી તેનું નામ કમી કરવાનો સંસ્થાને હક્ક છે જે અમોને મંજુર છે.

વિધાર્થીનું નામ .................................................. વાલીશ્રીનું નામ ..................................................

મોબાઈલ નંબર .................................................. મોબાઈલ નંબર ..................................................

વિધાર્થીની સહી .................................................. વાલીશ્રીની સહી ..................................................